## સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


આપની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ........

**Daily Test Paper**
**WITH OMR SHEET**

Paper બિનસચિવાલય/તલાટી પેપર

તલાટી / બિનસચિવાલયની Daily પેપર પ્રેક્ટીસ માટે
દરરોજ એક પેપર Download કરવા
ICEની Authentic Telegram ચેનલ આજે જ JOIN કરો
t.me/icerajkotofficial

Free Download From Here

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot.in


## VOTE FOR INDIA

DATE : 23/4/2019 TIME : સવારે 7:00 થી સાંજે 6:00

### FESTIVAL OF DEMOCRACY
### GENERAL ELECTION - 2019





**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[April-2019]
[14/04 to 20/04]

# WEEK-16

## CURRENT TOPIC

- ડો.બાબાસાહેબ આંબેડકરની 128મી જન્મજયંતીની ઉજવણી
- World Press Freedom Index 2019
- ARIIA Rankings 2019
- પ્રથમ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપના ગુડવિલ એમ્બેસેડર તરીકે સુશ્રી મિતાલી રાજની પસંદગી
- નેપાળ અને શ્રીલંકાના પ્રથમ ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ
- ભારત દ્વારા સ્વદેશી મિસાઈલ 'નિર્ભય'નું સફળ પરીક્ષણ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**14 APRIL, 2019 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 14 એપ્રિલ,(1) સમરસતા દિવસ (ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતી)

## ➤ (2) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન

### ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી



14 એપ્રિલ, 2019ના રોજ સમગ્ર દેશમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની 128મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે.

- વર્ષ 2015થી દર વર્ષે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી 14 એપ્રિલ **'સમરસતા દિવસ'** અને 26 નવેમ્બર **'બંધારણ દિવસ'** તરીકે ઉજવાય છે.
- આ અગાઉ વર્ષ 2016માં ભારત સરકાર દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2016માં ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ કરવામાં આવી હતી.
- જેમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરને 'વિશ્વના પ્રણેતા' કહીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવા ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રથમ ભારતીય વ્યક્તિ છે.
- **ડૉ. બાબાસાહેબ આંબેડકર** સિવાય ફક્ત બે જ મહાપુરુષો એવા છે કે જેમની જન્મજયંતી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવી હોય.... અને તે છે **શ્રી માર્ટિન લ્યૂથર કિંગ** અને **શ્રી નેલ્સન મંડેલા.**
- ડૉ. બાબાસાહેબ આંબેડકર, શ્રી માર્ટિન લ્યૂથર કિંગ અને શ્રી નેલ્સન મંડેલા વિશ્વમાં 'માનવઅધિકાર સંઘર્ષ'ના સૌથી મહાન નેતાઓ છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી **'ડૉ.આંબેડકર જયંતી'** અથવા તો **'શ્રી ભીમરાવ જયંતી'** તરીકે પણ ઉજવાય છે. વર્ષ 2015થી તેની ઉજવણી **'સમરસતા દિવસ'** તરીકે કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM



### ડૉ. બાબાસાહેબ આંબેડકર

| | |
|---|---|
| જન્મ : | 14 એપ્રિલ, 1891 |
| જન્મ સ્થળ : | મહુ (મધ્યપ્રદેશ) |
| પૂરું નામ : | ડૉ. ભીમરાવ રામજીભાઈ આંબેડકર |
| હુલામણું નામ : | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| પિતાનું નામ : | શ્રી રામજીભાઈ સકપાલ |
| માતાનું નામ : | શ્રીમતી ભીમાબાઈ |
| મૂળ વતન : | અંબાવાડે ગામ, જિલ્લો રત્નાગિરિ (મહારાષ્ટ્ર) |
| પુરસ્કાર : | ભારત રત્ન (એપ્રિલ, 1990) |

## અભ્યાસ

(1) મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાંથી 1907માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી.

(2) વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી 1912માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી.

(3) મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી 1915માં કોલંબિયા યુનિવર્સિટીની એમ. એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી.

(4) 1916માં 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપર મહાનિબંધ લખી કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની. ડિગ્રી મેળવીને શ્રી ભીમરાવ આંબેડકર ડો. ભીમરાવ આંબેડકર બન્યા.

(5) ઈંગ્લેન્ડમાં કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી 1923માં બેરિસ્ટર થયા. અને ડો. આંબેડકરને તેમના મહાનિબંધ 'રૂપિયાનો પ્રશ્ન' વિષય પર લંડન યુનિવર્સિટીએ તેમને ''ડોકટર ઓફ સાયન્સ''ની ઉચ્ચ ડિગ્રી એનાયત કરી.

(6) લંડનમાં અભ્યાસ પૂર્ણ કરી તેમણે જર્મનીની પ્રસિદ્ધ બોન યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો. પરંતુ ત્યાં લાંબો સમય ન રહયા અને ભારત પરત ફર્યા.

(7) જૂન 1928માં મુંબઈની ગવર્નમેન્ટ લો કોલેજમાં કાયદાના પ્રોફેસર તરીકે જોડાયા અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય બન્યા.

## રાષ્ટ્રના વિકાસમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન

ડો. બાબાસાહેબ આંબેડકરનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે. એક અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને કાયદાના જાણકાર તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરે આધુનિક ભારતના વિકાસનો પાયો નાંખ્યો હતો.

- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ (પ્રારૂપ) તૈયાર કર્યુ અને તેઓ 'ભારતીય બંધારણના પિતા' તરીકે ઓળખાયા.
- આર્થિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાત વર્ગોના વિકાસ માટે ઈ.સ. 1923માં 'બહિષ્કૃત હિતકારીણી સભા'ની સ્થાપના કરી.
- ભારતમાંથી જાતિવાદને નાબૂદ કરવા માટે સામાજિક આંદોલનો ચલાવ્યા.
- જળ સંશાધનો માટેની અસ્પૃશ્યતા દૂર કરવા માટે 1927માં મહારાષ્ટ્રના મહાડમાં પ્રદર્શનનું નેતૃત્વ કર્યું.
- 1930માં મહારાષ્ટ્રના નાસિકમાં કાલારામ મંદિરમાં પ્રવેશ માટે આંદોલનનું નેતૃત્વ કર્યુ.
- સપ્ટેમ્બર 1931માં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં ભારતના આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી.
- ઓગસ્ટ 1936માં 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી.
- 1940માં તેમનું 'પાકિસ્તાન ઉપર વિચારો' પુસ્તક પ્રકાશિત થયું.
- આ ઉપરાંત 'શુદ્રો કોણ હતા ?' નામનું પુસ્તક લખ્યું અને પ્રકાશિત કરાવ્યું.
- 20 જુલાઈ, 1942ના રોજ તેમણે ભારતના વાઈસરોયની કેબિનેટમાં લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળ્યો. અને સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી.
- ડાૅ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોને કારણે જ 29 એપ્રિલ, 1947ના રોજ બંધારણ સભાએ કાયદા દ્વારા સમગ્ર ભારતમાંથી અસ્પૃશ્યતાને નાબુદ થયેલી જાહેર કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 3 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની વચગાળાની સરકાર રચાઈ. તેમાં ડો. બાબાસાહેબ આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા.
- 29 ઓગસ્ટ, 1947ના રોજ ભારતીય બંધારણની રચના માટે 'ડ્રાફટીંગ સમિતિ'ના પ્રમુખ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે આઝાદ ભારતના નવા બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો અને 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણ સભા દ્વારા આ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો.
- ભારતીય રીઝર્વ બેંક (RBI)ની સ્થાપના તેમના વિચારોથી જ થઈ હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રેરણાથી જ ભારતના 'નાણા આયોગ' (Finance commission)ની સ્થાપના થઈ હતી.
- દામોદર ઘાટી યોજના, હીરાકુંડ યોજના અને સોન નદી યોજના જેવા 8 મોટા બંધોના નિર્માણમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરની મહત્ત્વની ભૂમિકા હતી.
- ભારતમાં Employment Exchangeની સ્થાપના પણ ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોથી જ થઈ હતી.
- ભારતમાં પાણી અને વીજળીની Grid Systemની સ્થાપનામાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરનું મહત્ત્વનું યોગદાન છે.
- ભારતને ' સ્વતંત્ર ચૂંટણી પંચ'ની ભેટ પણ ડો. બાબાસાહેબ આંબેડકરે જ આપી છે.

**નોંધ:** (1) 5 જૂન, 1952ના રોજ અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીએ તેમને સર્વોચ્ચ એવી ''ડોકટર એટ લો''ની પદવી આપી હતી.

(2) 12 જાન્યુઆરી, 1953ના રોજ ભારતની ઓસ્માનિયા યુનિવર્સિટીએ ડો. બાબાસાહેબ આંબેડકરને ''ડોકટર ઓફ લીટરેચર''ની ઉચ્ચ પદવીથી સન્માનિત કર્યા હતા.

(3) અને અંતે 6 ડિસેમ્બર, 1956ની વહેલી સવારે દિલ્હી ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

(4) 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવી દિલ્હી ખાતે ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

## પંચતીર્થ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડો. બાબાસાહેબ આંબેકડર સાથે સંકળાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે જાહેર કરી તેનો વિકાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

**ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ**

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | મહુ (મધ્યપ્રદેશ) | જન્મભૂમિ |
| 2 | નાગપુર (મહારાષ્ટ્ર) | દીક્ષા ભૂમિ |
| 3 | લંડન (ઈંગ્લેન્ડ) | ઈંગ્લેન્ડમાં નિવાસ સ્થાન(ડો. આંબેડકર સ્મારક નિવાસ) |
| 4 | અલિપુર રોડ (દિલ્હી) | મહાપરિનિર્વાણ ભૂમિ |
| 5 | મુંબઈ (મહારાષ્ટ્ર) | ચૈત્ય ભૂમિ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ UNFPA : State of World Population Report 2019

તાજેતરમાં United Nations Population Fund (અથવા તો United Nations Fund for Population Activities - UNFPA) દ્વારા State of world Population Report 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં ભારતની વસતી વધીને 1.36 અબજ થઈ ગઈ છે.
- જ્યારે 2019માં ચીનની વસતી 1.42 અબજ છે.
- વર્ષ 2010થી 2019 દરમિયાન ચીનનો વાર્ષિક વસતી વૃદ્ધિ દર 0.5 ટકા હતો.
- જ્યારે આ જ સમયગાળા દરમિયાન ભારતનો વસતી વૃદ્ધિ દર ચીનથી લગભગ ડબલ 1.2 ટકા હતો.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં સ્ત્રી પ્રજનન દરમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.
- ભારતમાં વર્ષ 1969માં પ્રત્યેક સ્ત્રી દીઠ પ્રજનન દર 5.6 હતો. જે 1994માં ઘટીને 3.7 અને 2019માં 2.3 થઈ ગયો છે.
- આ ઉપરાંત ભારતમાં જન્મ સમયે અપેક્ષિત જીવનના પ્રમાણમાં ઘણો સુધારો થયો છે.
- ભારતમાં 1969માં જન્મ સમયે અપેક્ષિત જીવન 47 વર્ષ હતું. જે વધીને 1994માં 60 વર્ષ અને 2019માં 69 વર્ષ થઈ ગયું છે.

**નોંધ :** (1) UNFPA દ્વારા 'UNFINISHED BUSINESS the Pursuit of rights and choices FOR ALL' શીર્ષકથી આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

(2) આ રિપોર્ટ અનુસાર વર્ષ 1969માં વિશ્વની વસતીનો વાર્ષિક વૃદ્ધિ દર 2 ટકા હતો. આ દરે આગામી 25 વર્ષમાં વિશ્વની વસતી વધીને ડબલ થઈ જવાની સંભાવના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE Questions

1. ભારતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી તરીકે કયા દિવસની ઉજવણી થાય છે ?
(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ **(C)**

2. 14 એપ્રિલ, 2019ના રોજ સમગ્ર ભારતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 120મી (B) 126મી (C) 128મી (D) 130મી **(C)**

3. ભારતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી કયા નામે ઉજવાય છે ?
(A) ડૉ. આંબેડકર જયંતી (B) શ્રી ભીમરાવ જયંતી (C) સમરસતા દિવસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

4. ભારતમાં કોની જન્મજયંતી 'સમરસતા દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) મહાત્મા ગાંધીજી
(C) શ્રી સરદાર પટેલ (D) ડૉ. બાબાસાહેબ આંબેડકર **(D)**

5. ભારત સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીને 'સમરસતા દિવસ' તરીકે ક્યારથી ઉજવવામાં આવે છે ?
(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 **(D)**

6. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવી એકમાત્ર ભારતીય વ્યક્તિનું નામ શું છે ?
(A) મહાત્મા ગાંધીજી (B) સ્વામી વિવેકાનંદ
(C) શ્રી જવાહરલાલ નહેરુ (D) ડૉ. બાબાસાહેબ આંબેડકર **(D)**

7. ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) 14 એપ્રિલ, 1891ના રોજ મધ્યપ્રદેશના મહુ ખાતે તેમનો જન્મ થયો હતો.
(B) તેમનું પૂરુંનામ ડૉ. ભીમરાવ રામજીભાઈ આંબેડકર છે.
(C) તેમનું મૂળ વતન મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાનું અંબાવાડે ગામ હતું
(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. **(D)**

8. ભારતના નિર્માણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રદાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) 'સ્વતંત્ર ચૂંટણી પંચ' તેમની દેન છે. (B) તેમના વિચારોથી જ RBIની સ્થાપના થઈ હતી.
(C) તેમના યોગદાનને કારણે જ 'Finance Commission'ની સ્થાપના થઈ હતી.
(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. **(D)**

9. 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કઈ જગ્યાએ ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું ?
(A) નાગપુર (B) નવી દિલ્હી (C) લંડન (D) મુંબઈ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) નાગપુર (મહારાષ્ટ્ર) (B) લંડન (ઈંગ્લેન્ડ)

(C) મુંબઈ (મહારાષ્ટ્ર) (D) પેરિસ (ફ્રાન્સ) **(D)**

**11.** ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ અને તેની વિશેષતાને યોગ્ય રીતે જોડો.

(a) મહુ (1) ચૈત્ય ભૂમિ

(b) નાગપુર (2) જન્મ ભૂમિ

(c) લંડન (3) દીક્ષા ભૂમિ

(d) અલિપુર રોડ (દિલ્હી) (4) નિવાસ સ્થાન

(e) મુંબઈ (5) મહાપરિનિર્વાણ ભૂમિ

(A) a-3, b-2, c-4, d-5, e-1 (B) a-2, b-3, c-4, d-5, e-1

(C) a-3, b-2, c-1, d-5, e-4 (D) a-2, b-3, c-4, d-1, e-5 **(B)**

**12.** તાજેતરમાં UNFPA દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ 2019' અનુસાર વર્ષ 2019માં ભારતની વસતી વધીને કેટલી થઈ ગઈ છે ?

(A) 1.42 અબજ (B) 1.40 અબજ (C) 1.38 અબજ (D) 1.36 અબજ **(D)**

**13.** તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા UNFPA સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ 2019 અનુસાર વર્ષ 2010થી 2019 દરમિયાન ભારતનો વાર્ષિક વસતી વૃદ્ધિ દર કેટલા ટકા છે ?

(A) 0.5 (B) 0.7 (C) 1.2 (D) 1.4 **(C)**

**14.** તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા UNFPA સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ 2019 અનુસાર વર્ષ 2019માં ભારતમાં પ્રત્યેક સ્ત્રી દીઠ પ્રજનન દર ઘટીને કેટલો થઈ ગયો છે ?

(A) 5.6 (B) 3.7 (C) 2.3 (D) 1.4 **(C)**

**15.** તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા UNFPA સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ 2019 અનુસાર વર્ષ 2019માં ભારતમાં જન્મ સમયે અપેક્ષિત જીવન વધીને કેટલા વર્ષ થઈ ગયું છે ?

(A) 69 (B) 72 (C) 76 (D) 79 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 15 APRIL, 2019 MONDAY

➤ **દિવસ મહિમા : 15 એપ્રિલ, (1) Universal Day of Culture**
**(2) World Art Day**

## ➤ ચૂંટણીપંચને Electoral Bondની માહિતી આપવા રાજકીય પક્ષોને સુપ્રીમ કોર્ટનો આદેશ

તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોને **Electoral Bond** વિશે ચૂંટણી પંચને માહિતી આપવા આદેશ આપ્યો છે.

- આ આદેશ મુજબ ભારતના રાજકીય પક્ષોએ **Electoral Bond** દ્વારા **15 મે, 2019** સુધીમાં તેમને મળેલી દાનની રકમ તથા આ રકમ કોના દ્વારા આપવામાં આવી છે એ અંગેની માહિતી ચૂંટણી પંચને **30 મે, 2019** સુધીમાં આપવાની રહેશે.

## કોની અરજીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો છે ?

**એસોસિયેશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)** નામના **NGO** દ્વારા કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં ચીફ જસ્ટિસ **શ્રી રંજન ગોગોઈ**ના નેતૃત્વ હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે આ આદેશ આપ્યો હતો.

- જેમાં અરજકર્તા દ્વારા **Electoral Bond** દ્વારા રાજકીય પક્ષોને અપાતા દાનની રકમ તથા દાન આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવતું હોવાથી મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા માટે આ બોન્ડને ગેરલાયક ઠરાવી તેના પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી.
- જોકે સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોને દાન આપવા માટે બનેલા **Electoral Bond** પર રોક લગાવવાનો ઈનકાર કર્યો છે.
- પરંતુ એ સાથે જ સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોને **15 મે, 2019** સુધીમાં આ બોન્ડ દ્વારા તેમને કેટલું દાન મળ્યું ? આ દાન કોણે આપ્યું ? તથા આ દાન કયા ખાતામાં જમા કરાવ્યું ? એ વિશેની માહિતી બંધ કવરમાં **30 મે, 2019** સુધીમાં **ચૂંટણી પંચ**ને આપવા આદેશ આપ્યો હતો.

## Electoral Bond શું છે ?

**Electoral Bond**ને ગુજરાતીમાં **'ચૂંટણી બોન્ડ'** તરીકે ઓળખવામાં આવે છે.

- ભારતમાં વિવિધ વ્યક્તિ, કંપની કે સંસ્થા દ્વારા રાજકીય પક્ષોને આપવામાં આવતા દાનને **સ્વચ્છ તથા ભ્રષ્ટાચાર મુક્ત** બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ બોન્ડ લાવવામાં આવ્યા હતા.
- આ બોન્ડ ફક્ત **ભારતીય વ્યક્તિ** જ ખરીદી શકે છે.
- આ બોન્ડનો ઉપયોગ **રાજકીય પક્ષોને દાન આપવા માટે** થાય છે.
- આ બોન્ડની સમય મર્યાદા **15 દિવસ** સુધીની હોય છે.
- એક વખત લીધા બાદ **15** દિવસમાં આ બોન્ડનો ઉપયોગ રાજકીય પક્ષોને દાન આપવા માટે કરવાનો હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ બોન્ડ કયા રાજકીય પક્ષોને દાનમાં આપી શકાય છે ?

ભારતમાં **લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951** અંતર્ગત નોંધાયેલા કોઈપણ રાજકીય પક્ષને આ બોન્ડ દાનમાં આપી શકાય છે.

- જોકે, આ માટે આ પક્ષને છેલ્લી ચૂંટણીમાં ઓછામાં ઓછા **1 ટકા મત** મળ્યા હોવા જરૂરી છે.

## કેટલી કિંમતના બોન્ડ જારી કરવામાં આવ્યા છે ?

રાજકીય પક્ષોને દાનમાં આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા **રૂપિયા 1 હજાર, 10 હજાર, 1 લાખ, 10 લાખ અને 1 કરોડ** ની કિંમતના બોન્ડ જારી કરવામાં આવ્યા છે.

- આ બોન્ડ **SBIની પસંદગીયુક્ત શાખાઓ**માંથી ખરીદી શકાય છે.
- દાન આપનાર માત્ર **ચેક કે ડિજિટલ પેમેન્ટ**થી જ આ બોન્ડ ખરીદી શકે છે.
- આ ઉપરાંત બોન્ડ ખરીદવા માટે દાન આપનારે **KYC** આપવું જરૂરી છે.
- રાજકીય પક્ષો આ બોન્ડને અધિકૃત બેંકમાં હયાત ખાતામાં જ જમા કરાવીને તેને વટાવી શકે છે.

### આ બોન્ડ અંગે વિવાદ શું છે ?

ચૂંટણી બોન્ડમાં દાન આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવતું હતું.

- આથી આ અંગે વિવાદ સર્જાયો છે.
- આ બોન્ડમાં દાન આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવતું હોવાથી બ્લેક મનીને વ્હાઈટ કરવા માટે રાજકીય પક્ષો સંસ્થાઓના માધ્યમથી ગેરકાયદે નાણાંથી આ બોન્ડ ખરીદાવતા હતા એવો આરોપ મૂકવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ભારતમાં કોઈપણ રાજકીય પક્ષને કોઈપણ વ્યક્તિ, કંપની કે સંસ્થા વધુમાં વધુ ફક્ત રૂ. 2000 સુધીનું જ દાન કેશથી આપી શકે છે.

(2) રૂ. 2000થી વધુનું દાન આ 'ચૂંટણી બોન્ડ' દ્વારા જ આપી શકાય છે.




## ➤ ARIIA Rankings 2019




તાજેતરમાં ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ATAL Rankings of institutions on innovation Achievements (ARIIA) 2019ની જાહેરાત કરવામાં આવી છે.

- ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે નવી દિલ્હી ખાતે આ રેન્કીંગની જાહેરાત કરી હતી અને વિજેતાઓને એવોર્ડ એનાયત કર્યા હતા.
- આ રેન્કિંગમાં ભારતની જાહેર ક્ષેત્રની પ્રથમ 10 શિક્ષણ સંસ્થાઓમાં IIT મદ્રાસ પ્રથમ ક્રમે છે.
- જ્યારે ભારતની ખાનગી ક્ષેત્રની પ્રથમ 5 શિક્ષણ સંસ્થાઓમાં વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી પ્રથમ ક્રમે છે.

**ભારતની ખાનગી ક્ષેત્રની પ્રથમ 10 શિક્ષણ સંસ્થાઓ**

| ક્રમ | નામ | શહેર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી મદ્રાસ | ચેન્નાઈ | તમિલનાડુ |
| 2 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બે | મુંબઈ | મહારાષ્ટ્ર |
| 3 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દિલ્હી | નવી દિલ્હી | દિલ્હી |
| 10 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી હૈદરાબાદ | હૈદરાબાદ | તેલંગણા |

**ખાનગી ક્ષેત્રની ભારતની પ્રથમ 5 શિક્ષણ સંસ્થાઓ**

| ક્રમ | નામ | શહેર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી | વેલ્લોર | તમિલનાડુ |
| 2 | કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ ટેક્નોલોજી ખોરધા | ભૂવનેશ્વર | ઓડિશા |
| 5 | વેલ ટેક રંગરાજન ડો. સગુંથલા R&D ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી | ચેન્નાઈ | તમિલનાડુ |

**નોંધ :** (1) ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ઈનોવેશન સિદ્ધિઓને બિરદાવવા માટે ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.

(2) ભારતમાં 'ઈનોવેશન'ને પ્રોત્સાહન આપવા માટે ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ''ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ''ને ધ્યાનમાં રાખીને આ અટલ રેન્કિંગ આપવામાં આવે છે.

### ICE ? Questions

1. 'યુનિવર્સલ ડે ઓફ કલ્ચર' તથા 'વર્લ્ડ આર્ટ ડે' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 13 એપ્રિલ (B) 14 એપ્રિલ (C) 15 એપ્રિલ (D) 16 એપ્રિલ

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**2.** તાજેતરમાં સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોને કયા બોન્ડ વિશે ચૂંટણી પંચને 30 મે, 2019 સુધીમાં માહિતી આપવા આદેશ આપ્યો છે ?

(A) ગોલ્ડ બોન્ડ (B) સિલ્વર બોન્ડ (C) ઈલેક્ટોરલ બોન્ડ (D) ઈ–માર્કેટ બોન્ડ **(C)**

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલા Electoral Bond (ચૂંટણી બોન્ડ)નો ઉપયોગ શા માટે થાય છે ?

(A) ચૂંટણીનું ફોર્મ ભરવા માટે (B) ચૂંટણીના પ્રચાર માટે
(C) કર્મચારીઓને ચૂંટણીની ડ્યુટીનું વેતન આપવા માટે (D) રાજકીય પક્ષોને દાન આપવા માટે **(D)**

**4.** એક વખત લીધા બાદ વધુમાં વધુ કેટલા દિવસ સુધીમાં 'ચૂંટણી બોન્ડ' રાજકીય પક્ષોને દાનમાં આપી શકાય છે ?

(A) 15 દિવસ (B) 30 દિવસ (C) 60 દિવસ (D) 90 દિવસ **(A)**

**5.** ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા નીચેનામાંથી કઈ કિંમતના ચૂંટણી બોન્ડ જારી કરવામાં આવ્યા નથી ?

(A) 1 લાખ (B) 10 હજાર (C) 10 લાખ (D) 10 કરોડ **(D)**

**6.** ભારતમાં રાજકીય પક્ષોને દાન આપવા માટે વધુમાં વધુ કેશ લિમિટ કેટલા રૂપિયા છે ?

(A) 2000 (B) 10,000 (C) 20,000 (D) 25,000 **(A)**

**7.** તાજેતરમાં જાહેર થયેલા અટલ (ARIIA) રેન્કિંગ્સ 2019માં ભારતની જાહેર ક્ષેત્રની ટોપ ટેન શિક્ષણ સંસ્થાઓમાં કઈ સંસ્થા પ્રથમ ક્રમે છે ?

(A) IIT મદ્રાસ (B) IIT બોમ્બે (C) IIT દિલ્હી (D) IIT હૈદરાબાદ **(A)**

**8.** તાજેતરમાં જાહેર થયેલા અટલ (ARIIA) રેન્કિંગ્સ 2019માં ઈનોવેશનમાં ભારતની ખાનગી ક્ષેત્રની ટોપ ફાઈવ શિક્ષણ સંસ્થાઓમાં કઈ સંસ્થા પ્રથમ ક્રમે છે ?

(A) કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ ટેક્નોલોજી ખોરધા (ઓડિશા)
(B) વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (તમિલનાડુ)
(C) S.R.M. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (તમિલનાડુ)
(D) JSS એકેડમી ઓફ હાયર એજ્યુકેશન & રિસર્ચ (કર્ણાટક) **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

બિનસચિવાલય ક્લાર્ક

› બંધારણ
› જાહેર વહીવટ
› સામાન્ય જ્ઞાન
› કોમ્પ્યૂટર

› ગુજરાતી વ્યાકરણ
› અંગ્રેજી વ્યાકરણ
› ગુજરાતનો ઈતિહાસ
› ગુજરાતનો સા. વારસો




Available at amazon


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે CALL 93753-01110

## 16 APRIL, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 16 એપ્રિલ, World Voice Day

### ➤ ભારત દ્વારા સ્વદેશી મિસાઈલ 'નિર્ભય'નું સફળ પરીક્ષણ



15 એપ્રિલ, 2019ના રોજ ભારતે સ્વદેશી સબસોનિક ક્રૂઝ મિસાઈલ **'નિર્ભય'**નું સફળ પરીક્ષણ કર્યું છે.

- આ **'નિર્ભય'**નું **છઠ્ઠું** પરીક્ષણ હતું.
- ભારતમાં **ઓડિશા**ના **ચાંદીપુર** પાસે આવેલા મિસાઈલ પરીક્ષણ સ્થળ પરથી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

**નિર્ભય મિસાઈલની વિશેષતા**

'નિર્ભય'એ ભારતની **સ્વદેશી** બનાવટની **સબસોનિક ક્રૂઝ મિસાઈલ** છે.

- તેની પ્રહાર ક્ષમતા **1000 કિમી** સુધીની છે.
- **DRDO** દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ મિસાઈલ બધા વાતાવરણમાં કામ આપવા સક્ષમ છે.
- આ મિસાઈલ 100 મીટર સુધીની ખૂબ જ નીચી ઉંચાઈએ ઉડાન ભરવા સક્ષમ છે. આથી તે દુશ્મનના રડારથી છુપાઈને આતંકી અડ્ડાઓને સરળતાથી નિશાન બનાવી શકે છે.
- આ મિસાઈલ **300 કિલો** સુધીના પરમાણું શસ્ત્રોનું વહન કરી શકે છે.
- આ મિસાઈલને વિવિધ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ અમેરિકામાં વિશ્વના સૌથી મોટા વિમાને પ્રથમ સફળ ઉડાન ભરી

તાજેતરમાં **અમેરિકા**માં **વિશ્વના સૌથી મોટા વિમાને** પ્રથમ સફળ ઉડાન ભરી હતી.

- અમેરિકામાં **કેલિફોર્નિયા**ના **મોઝાવે રણ**ની ઉપર વિશ્વના સૌથી મોટા આ વિમાનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**આ વિમાન શા માટે ઉપયોગી છે ?**

**ઉપગ્રહને તેની ભ્રમણકક્ષામાં પહોંચાડવા માટે** વિશ્વના આ સૌથી મોટા વિમાનનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

- હાલ ટેક ઓફ રોકેટની મદદથી ઉપગ્રહોને તેની ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવામાં આવે છે. જેનો ખર્ચ ખૂબ જ વધારે હોય છે.
- આ વિમાનની સફળતા બાદ ઉપગ્રહોને તેની ભ્રમણકક્ષા સુધી પહોંચાડવા માટે રોકેટની જગ્યાએ આ વિમાનનો ઉપયોગ કરવામાં આવશે.
- જેનાથી ઉપગ્રહ લોન્ચ કરવાના ખર્ચમાં ઘટાડો થશે.



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

### વિમાનની વિશેષતા

આ વિમાન બે એરક્રાફ્ટ બોડીવાળું વિમાન છે, જે પરસ્પર જોડાયેલું છે. ઉપગ્રહના લોન્ચ પેડ તરીકે આ વિમાનની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

- તેમાં 6 બોઈંગ 747 એન્જિન લગાવવામાં આવ્યા છે.
- તેની પાંખોની લંબાઈ અમેરિકન ફૂટબોલ મેદાનથી પણ વધારે એટલે કે 385 ફૂટ છે.
- કાર્બન ફાઈબરથી બનેલા આ વિમાનમાં 28 પૈડા છે.
- સ્ટ્રેટોલોન્ચ સિસ્ટમ્સ કોર્પોરેશન નામની અમેરિકાની કંપની દ્વારા આ વિમાનને બનાવવામાં આવ્યું છે. માઈક્રોસોફ્ટના સહ સ્થાપક શ્રી પોલ એલન દ્વારા 2011માં આ કંપનીની સ્થાપના કરવામાં આવી હતી.
- તેની પ્રથમ ઉડાનમાં આ વિમાન આશરે 302 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડતા આશરે 17,500 ફૂટની ઊંચાઈ સુધી ગયું હતું.
- આ વિમાનને 'ROC' તરીકે ઓળખવામાં આવે છે.
- આ ઉપરાંત આ વિમાનને 'Scaled Composites Model 351 Stratolaunch' અથવા તો ટૂંકમાં Stratolaunch તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ચીને પાણી અને જમીન પર ચાલનારું વિશ્વનું પહેલું ફાઈટર ડ્રોન બનાવ્યું

તાજેતરમાં ચીને પાણી અને જમીન પર ચાલનારા વિશ્વના પહેલા ફાઈટર ડ્રોનનું સફળ પરીક્ષણ કર્યું છે.

- આ ફાઈટર ડ્રોનને 'મરિન લિઝાર્ડ' નામ આપવામાં આવ્યું છે.
- આ ફાઈટર ડ્રોનને સેટેલાઈટ મારફત કંટ્રોલ કરી શકાય છે.
- તેની મારક ક્ષમતા 1200 કિમી સુધીની છે.

રાષ્ટ્રીયકૃત બેંકોમાં આવનારી વિશાળ ભરતી...
IBPS PO/ CLERK | SBI Junior Associates
735+ PASS
1,00,000+
UPCOMING VACANCY IN 2019
નવી બેચ | 30-04-2019 Evening
અમને વિશ્વાસ છે, આપ પણ બેંક ઓફિસર બની શકો છો...
ICE PROVIDES...
✓ New Exam Cracking Strategy & Winning Policy
✓ Daily Time Management Practice
✓ Master Shortcut Tricks & Techniques
✓ Updated Study Materials
✓ One to One Analysis
✓ Online Test Paper Practice (Topic Wise / Section Wise)
✓ Expert & Experienced Faculties
✓ Skill Wise Preparation(Basic/Moderate/Upper)
✓ FREE Interview Guidance For P.O.
✓ Weekly Class Test Paper

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વર્લ્ડ વોઈસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ | (C) |
| 2. | 15 એપ્રિલ, 2019ના રોજ ભારતે કઈ સ્વદેશી સબસોનિક ક્રૂઝ મિસાઈલનું છઠ્ઠું પરીક્ષણ કર્યું છે ?<br>(A) પૃથ્વી (B) અગ્નિ (C) અભય (D) નિર્ભય | (D) |
| 3. | 15 એપ્રિલ, 2019ના રોજ ભારતે સ્વદેશી સબસોનિક ક્રૂઝ મિસાઈલ 'નિર્ભય'નું કયાંથી સફળ પરીક્ષણ કર્યું હતું ?<br>(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (B) વિશાખાપટ્ટનમ, કેરળ<br>(C) ચાંદીપુર, ઓડિશા (D) તિરુવનંતપુરમ, કેરળ | (C) |
| 4. | તાજેતરમાં ભારતે સ્વદેશી સબસોનિક ક્રૂઝ મિસાઈલ 'નિર્ભય'નું સફળ પરીક્ષણ કર્યું છે...આ મિસાઈલની મારક ક્ષમતા કેટલા કિમી સુધીની છે ?<br>(A) 1000 (B) 2000 (C) 3000 (D) 4000 | (A) |
| 5. | તાજેતરમાં કયા દેશે પાણી અને જમીન પર ચાલનારા વિશ્વના પ્રથમ ડ્રોનનું સફળ પરીક્ષણ કર્યું છે ?<br>(A) અમેરિકા (B) રશિયા (C) ચીન (D) જાપાન | (C) |
| 6. | તાજેતરમાં ચીને પરીક્ષણ કરેલા પાણી અને જમીન પર ચાલનારા વિશ્વના પ્રથમ ડ્રોનને શું નામ આપવામાં આવ્યું છે ?<br>(A) મરિન લિઝાર્ડ (B) તાઉયાન લિઝાર્ડ (C) ચાઉ લિઝાર્ડ (D) હુઆન લિઝાર્ડ | (A) |
| 7. | તાજેતરમાં અમેરિકાની કઈ કંપની દ્વારા વિશ્વના સૌથી મોટા વિમાનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?<br>(A) સ્ટ્રેટોલોન્ચ સિસ્ટમ્સ કોર્પોરેશન (B) માઈક્રોસોફ્ટ સિસ્ટમ કોર્પોરેશન<br>(C) બોઈંગ સિસ્ટમ્સ કોર્પોરેશન (D) પેન્ગ્વીન સિસ્ટમ કોર્પોરેશન | (A) |
| 8. | તાજેતરમાં અમેરિકાની સ્ટ્રેટોલોન્ચ નામની કંપની દ્વારા અમેરિકામાં કયાંથી વિશ્વના સૌથી મોટા વિમાનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?<br>(A) મોઝાવે રણ, ફ્લોરિડા (B) મોઝાવે રણ, જ્યોર્જિયા<br>(C) મોઝાવે રણ, કેલિફોર્નિયા (D) મોઝાવે રણ, એરિઝોના | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 17 APRIL, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ

### ➤ વિદેશ મંત્રાલય દ્વારા હિન્દ-પ્રશાંત વિભાગની સ્થાપના

ભારતના વિદેશ મંત્રાલયના વિદેશ કાર્યાલયમાં હિન્દ-પ્રશાંત (INDO-PACIFIC) નામના એક નવા વિભાગની સ્થાપના કરવામાં આવી છે.

- આ વિભાગની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ વર્ષ 2018માં શાંગ્રી-લા ડાયલોગમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રજૂ કરેલી હિન્દ–પ્રશાંત નીતિને આગળ વધારવાનો છે.
- આ નવા વિભાગના નિર્માણથી હિન્દ–પ્રશાંત અંગેની નીતિના નિર્માણમાં લાભ થશે.

**નોંધ :** હિન્દ–પ્રશાંત ક્ષેત્રમાં ભારતના વ્યૂહાત્મક મહત્ત્વને ધ્યાનમાં રાખીને વર્ષ 2018માં અમેરિકાએ પણ તેની સૈન્ય કમાન 'પ્રશાંત-કમાન' (Pacific-Command)નું નામ બદલીને 'હિન્દ-પ્રશાંત કમાન' (Indo-Pacific Command) કર્યું હતું.

## ➤ Airtel અને FICCI લેડિઝ ઓર્ગેનાઈઝેશન દ્વારા My Circle App લોન્ચ

તાજેતરમાં ટેલિકોમ ઓપરેટર bharti Airtel અને FICCI Ladies Organisation (FLO) દ્વારા મહિલાઓની સુરક્ષા માટે એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે.

- આ એપને 'My Circle app' નામ આપવામાં આવ્યું છે.
- આ એપનો મુખ્ય ઉદ્દેશ સંકટ સમયે મહિલાને મદદ કરવાનો છે.

**એપની વિશેષતા**

- આ એપની મદદથી સંકટના સમયે મહિલા પોતાના પરિવારના અથવા તો મિત્ર વર્તુળના 5 સભ્યોને SOS એલર્ટ મોકલી શકે છે.
- આ એલર્ટ મેસેજથી મહિલાના પરિવારજનો મહિલાનું લોકેશન જાણી શકે છે અને તેને સમયસર મદદ પહોંચાડી શકે છે.
- આ એપ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સહિત અનેક ભાષામાં ઉપલબ્ધ છે.
- આ એપ માત્ર એરટેલ જ નહિ પરંતુ અન્ય કંપનીના ફોનમાં પણ કામ કરશે.
- આ એન્ડ્રોઈડ એપ Google Play Store પરથી ફ્રીમાં ડાઉનલોડ કરી શકાય છે.



## ➤ ભારતીય નેવી દ્વારા Virtual Reality Centre (VRC)નો પ્રારંભ



**ભારતીય નેવી** દ્વારા તાજેતરમાં અતિઆધુનિક **Virtual Reality Centre (VRC)**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- ભારતીય નેવી ચીફ **એડમિરલ સુનિલ લાંબા**એ **નવી દિલ્હી** ખાતે આ 'વર્ચ્યુઅલ રીયાલિટી સેન્ટર'નું ઉદ્દઘાટન કર્યું હતું.
- ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલા **Directorate of Naval Design**માં આ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

### VRCનો ઉદ્દેશ

ભારતમાં નૌસેના દ્વારા નિર્માણ કરવામાં આવતા **સ્વદેશી યુદ્ધજહાજ**ની નિર્માણ ક્ષમતામાં વધારો કરવા માટે આ **Virtual Reality Centre (VRC)**ની સ્થાપના કરવામાં આવી છે.

- આ સેન્ટરની સ્થાપનાથી ભારત સરકારના મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત યુદ્ધજહાજના નિર્માણમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવામાં મદદ થશે.

**નોંધ :** ભારતમાં **સબમરીન** તથા **સબમરીન સંબંધિત ઉપકરણો**ની ડિઝાઈન **'Directorate of Naval Design'** દ્વારા તૈયાર કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. 'વિશ્વ હિમોફિલિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ (C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ — **(C)**

2. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત 'હિન્દ પ્રશાન્ત' નામના નવા વિભાગની સ્થાપના કરવામાં આવી છે ?
   (A) રક્ષા મંત્રાલય (B) આબોહવા પરિવર્તન મંત્રાલય
   (C) જળ, પરિવહન મંત્રાલય (D) વિદેશ મંત્રાલય — **(D)**

3. Airtel અને FICCI લેડિઝ ઓર્ગેનાઈઝેશન (FLO) દ્વારા તાજેતરમાં મહિલાઓની સુરક્ષા માટે કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?
   (A) Nari app (B) My Freedom app (C) My Circle app (D) Me Secure app — **(C)**

4. Airtel અને FLO દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી My Circle appનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
   (A) ફાસ્ટ ડાઉનલોડ સુવિધા ઉપલબ્ધ કરાવવી
   (B) સંકટ સમયે મહિલાઓને મદદ કરવી
   (C) મહિલાઓને ઘેર બેઠા અંગ્રેજીનું શિક્ષણ આપવું
   (D) પોતાના વિસ્તારની ભૌગોલિક માહિતી ઉપલબ્ધ કરાવવી — **(B)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.


5. તાજેતરમાં ભારતીય નેવી દ્વારા ભારતમાં કઈ જગ્યાએ Virtual Reality Centre (VRC)નો પ્રારંભ કરવામાં આવ્યો છે ?


(A) નવી દિલ્હી (B) બેંગાલુરુ (C) ચેન્નાઈ (D) કોલકાતા **(A)**

6. ભારતમાં નૌસેના દ્વારા નિર્માણ કરવામાં આવતા સ્વદેશી યુદ્ધજહાજની નિર્માણ ક્ષમતામાં વધારો કરવા માટે તાજેતરમાં નવી દિલ્હી ખાતે કયા નવા સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે ?

(A) Directorate of Naval Warship
(B) Warship Design Centre
(C) Naval Warship Design Centre
(D) Virtual Reality Centre **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 18 APRIL, 2019 THURSDAY

### ➢ દિવસ મહિમા : 18 એપ્રિલ, World Heritage Day (વિશ્વ વિરાસત દિવસ)



માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 18 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- ઈ.સ. 1982માં ICOMOS નામની સંસ્થાએ ટ્યૂનિશિયામાં 18 એપ્રિલને 'World Heritage Day' અથવા તો 'International Day for Monuments and Sites' તરીકે ઉજવવાની શરૂઆત કરી હતી.
- ત્યારબાદ યોજાયેલી UNESCOની 22મી સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારથી 18 એપ્રિલ 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2019ના 'World Heritage Day'ની થીમ 'Rural Landscapes' છે.

### ➢ વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટ Falcon Heavyની પ્રથમ સફળ વ્યાવસાયિક ઉડાન

તાજેતરમાં વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટ Falcon Heavy દ્વારા સાઉદી અરેબિયાની એક કંપનીના Arabsat-6A નામના ઉપગ્રહને સફળતાપૂર્વક તેની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો છે.

- જે અમેરિકાની SpaceX નામની કંપનીના 'Falcon Heavy' નામના રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવેલો પ્રથમ વ્યાવસાયિક ઉપગ્રહ હતો.
- અમેરિકાના ફ્લોરિડાના કેપ કેનવેરલ ખાતે આવેલા કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો.

#### Falcon Heavy

Falcon Heavy એ અમેરિકાની SpaceX નામની કંપની દ્વારા વિકસાવવામાં આવેલું રીયુઝેબલ રોકેટ અથવા તો રીયુઝેબલ હેવી-લિફ્ટ લોન્ચ વ્હીકલ છે.

- વર્તમાન સમયે ઉપયોગમાં લેવાતા તમામ રોકેટોમાં સૌથી વધુ વજન અથવા તો સૌથી ભારે પેલોડ અવકાશમાં લઈ જવાની ક્ષમતા આ રોકેટમાં છે.
- આથી Falcon Heavyને વર્તમાન સમયનું વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટ માનવામાં આવે છે.
- આ રોકેટની મુખ્ય વિશેષતા એ છે કે ઉપગ્રહનો લોન્ચિંગ ખર્ચ ઘટાડવા માટે આ રોકેટ દ્વારા રોકેટના મહત્ત્વના પાર્ટ્સને ફરીથી ઉપયોગમાં લઈ શકાય એવી ટેક્નોલોજી વિકસાવવામાં આવી રહી છે.

#### SpaceX

સ્પેસ એક્સ એ અમેરિકાની એક પ્રાઈવેટ અવકાશ એજન્સી છે.

- 6 મે, 2002ના રોજ શ્રી એલન મસ્ક દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આ એજન્સીની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ અવકાશ પરિવહન ખર્ચમાં ઘટાડો કરવાનો અને મંગળ ગ્રહ પર માનવ વસાહતની સ્થાપના કરવાનો છે.

## ➤ BSE Startup Platformને પ્રોત્સાહન આપવા BSE અને HDFC વચ્ચે MoU

તાજેતરમાં **BSE Startup Platform**ને પ્રોત્સાહન આપવા માટે **BSE અને HDFC Bank** વચ્ચે **MoU** થયા છે.

- **22** ડિસેમ્બર, **2018**ના રોજ **Bombay Stock Exchange (BSE)** દ્વારા **BSE**માં વધુને વધુ ઉદ્યોગોનું લિસ્ટિંગ થાય તે માટે તેમજ ઉદ્યોગોના વિકાસ અને વિસ્તરણ માટે તેમને પૂરતી મૂડી મળી રહે તે માટે **BSE Startup Platform** લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત **BSE Startup Platform** પર લિસ્ટિંગ કરવાથી થતા લાભો અંગે જાગૃતિ ફેલાવવા માટે **BSE** અને **HDFC** વચ્ચે આ કરાર થયા છે.

**નોંધ :** MoUનું પૂરું નામ **'Memorandum of Understanding'** છે.

### HDFC

- **HDFC**નું પૂરું નામ **'Housing Development Finance Corporation'** છે.
- **HDFC** એ ભારતની **પ્રાઈવેટ સેક્ટરની સૌથી મોટી બેન્ક** છે.
- તેનું વડું મથક **મુંબઈ** ખાતે આવેલું છે.

### BSE

- **BSE** અથવા તો **Bombay Stock Exchange** એ **એશિયાનું સૌથી જૂનું** સ્ટોક એક્સચેન્જ છે.
- તેની સ્થાપના **9 જુલાઈ 1875**ના રોજ થઈ હતી.
- તેનું કાર્યાલય **મુંબઈ**ની **દલાલ સ્ટ્રીટ**માં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ ઈઝરાયેલની વર્ષ 2019ની ચૂંટણીમાં શ્રી બેન્જામિન નેતન્યાહૂના પક્ષને બહુમતી મળી

તાજેતરમાં **ઈઝરાયેલ**માં એપ્રિલ 2019 દરમિયાન સંસદની **120 બેઠકો** માટે મતદાન થયું હતું.

- આ ચૂંટણીમાં ઈઝરાયેલના વડાપ્રધાન **શ્રી બેન્જામિન નેતન્યાહૂ** અને તેમના હરિફ ઉમેદવાર **શ્રી બેન્ની ગેન્ટ્ઝ** વચ્ચે મુખ્ય સ્પર્ધા હતી.
- શ્રી બેન્જામિન નેતન્યાહૂના પક્ષનું નામ **'લિકુડ' (Likud) પાર્ટી** છે. અને શ્રી બેન્ની ગેન્ટ્ઝના પક્ષનું નામ **'Blue and White'** છે.
- તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં આ બંને પક્ષોને **35-35 બેઠકો** મળી હતી.
- પરિણામે અન્ય નાના પક્ષોના સહયોગથી શ્રી બેન્જામિન નેતન્યાહૂને બહુમતી મળી છે.

**નોંધ :** (1) ઈઝરાયેલની સંસદનું નામ **'Knesset'** છે.

(2) આ એક સદનવાળી સંસદમાં **120 સીટો** આવેલી છે.

### શ્રી બેન્જામિન નેતન્યાહૂ

- **'બીબી'**નું હુલામણું નામ ધરાવતા શ્રી બેન્જામિન નેતન્યાહૂ ઈઝરાયેલના **9મા વડાપ્રધાન** છે.
- તેઓ ઈઝરાયેલની સ્વતંત્રતા બાદ ઈઝરાયેલમાં જન્મેલા પ્રથમ વડાપ્રધાન છે.
- અને હવે તેઓ **પાંચમી વખત** ઈઝરાયેલના વડાપ્રધાન બનશે.
- તેઓ **સૌપ્રથમ 1990**માં ઈઝરાયેલના વડાપ્રધાન બન્યા હતા.
- છેલ્લે **2009થી** તેઓ ઈઝરાયેલના વડાપ્રધાન પદે કાર્યરત છે.
- તેઓ સૌથી લાંબો સમય શાસન કરનાર ઈઝરાયેલના વડાપ્રધાન બનશે.

**નોંધ :** **શ્રી નરેન્દ્રભાઈ મોદી** ઈઝરાયેલની મુલાકાત લેનાર **ભારતના પ્રથમ વડાપ્રધાન** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 16 એપ્રિલ (B) 17 એપ્રિલ (C) 18 એપ્રિલ (D) 19 એપ્રિલ — (C)

2. વર્ષ 2019ની 'વર્લ્ડ હેરિટેજ ડે'ની થીમ શું છે ?
   (A) Rural Landscapes (B) Global Landscapes
   (C) Urban Landscapes (D) National Landscapes — (A)

3. તાજેતરમાં વિશ્વના સૌથી શક્તિશાળી કયા રોકેટ દ્વારા સાઉદી અરેબિયાની એક કંપનીના ઉપગ્રહને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો ?
   (A) Falcon Heavy (B) Falk Heavy (C) Balton Heavy (D) Frank Heavy — (A)

4. તાજેતરમાં વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટ Falcon Heavy દ્વારા પ્રથમ વખત કયા ઉપગ્રહને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો ?
   (A) Arabsat-2A (B) Arabsat-4A (C) Arabsat-6A (D) Arabsat-8A — (C)

5. અમેરિકાની કઈ કંપની દ્વારા વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટ Falcon Heavyનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) Virgin Galactic (B) SpaceDev
(C) Orbital Sciences (D) SpaceX **(D)**

6. BSE સ્ટાર્ટઅપ પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવા માટે બોમ્બે સ્ટોક એક્સચેન્જ દ્વારા તાજેતરમાં કઈ બેન્ક સાથે MoU કરવામાં આવ્યા છે ?
(A) SBI (B) ICICI (C) HDFC (D) Bank of Baroda **(C)**

7. તાજેતરમાં ઈઝરાયેલમાં યોજાયેલી ચૂંટણીમાં વડાપ્રધાન શ્રી બેન્જામિન નેતન્યાહૂની મુખ્ય સ્પર્ધા કોની સાથે હતી ?
(A) શ્રી ડેવિડ બેન ગુરિયન (B) શ્રી ગોલ્ડે મીર
(C) શ્રી એરિયલ શેરોન (D) શ્રી બેન્ની ગેન્ટ્ઝ **(D)**

8. ઈઝરાયેલના વડાપ્રધાન શ્રી બેન્જામિન નેતન્યાહૂના પક્ષનું નામ શું છે ?
(A) લેબર પાર્ટી (B) લિકુડ પાર્ટી
(C) કાદિમા પાર્ટી (D) મપાઈ પાર્ટી **(B)**

9. તાજેતરમાં યોજાયેલી ઈઝરાયેલની ચૂંટણીમાં વડાપ્રધાન શ્રી બેન્જામિન નેતન્યાહૂની મુખ્ય સ્પર્ધા કયા પક્ષ સાથે હતી ?
(A) લેબર પાર્ટી (B) બ્લ્યુ એન્ડ વ્હાઈટ પાર્ટી
(C) કાદિમા પાર્ટી (D) મપાઈ પાર્ટી **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 19 APRIL, 2019 FRIDAY

### ➤ ફ્રાન્સ તથા યુરોપિયન સંસ્કૃતિના પ્રતીક નોસ્ત્રાદેમસ કેથેડ્રલ ચર્ચમાં આગ



તાજેતરમાં ફ્રાન્સના <u>પેરિસ</u> ખાતે આવેલા <u>નોસ્ત્રાદેમસ કેથેડ્રલ ચર્ચ</u>માં લાગેલી આગને કારણે આ ચર્ચની છતને ભારે નુકશાન થયું હતું.

- ફ્રાન્સ તથા યુરોપિયન સંસ્કૃતિના પ્રતીક સમાન આ ચર્ચમાં આગ લાગવાથી ફ્રાન્સ સહિત સમગ્ર વિશ્વમાં ઊંડા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

#### નોસ્ત્રાદેમસ કેથેડ્રલ ચર્ચની વિશેષતા

ઈતિહાસકારોના મત મુજબ <u>1163</u>માં <u>ફ્રાન્સ</u>ના <u>પેરિસ</u>ની મધ્યમાં આ ચર્ચનો પાયો નંખાયો હતો.

- ત્યારબાદ તેનું નિર્માણ કાર્ય લગભગ 200 વર્ષ સુધી ચાલ્યું હતું.
- આ ચર્ચની ડિઝાઈન <u>ગોથિક વાસ્તુકલા</u> પર આધારિત છે.
- આ ચર્ચ ફ્રાન્સ તથા પ્રાચીન યુરોપિયન વાસ્તુકલાનો અદભૂત નમૂનો છે.
- આ ઉપરાંત આ ચર્ચ ખ્રિસ્તી ધર્મ તથા ફ્રાન્સ અને યુરોપિયન સંસ્કૃતિનું પ્રતીક ગણાય છે.
- ભગવાન ઈશુ ખ્રિસ્તને વધસ્થંભ પર ચડાવતી વખતે પહેરાવાયેલો કાંટાનો તાજ આ ચર્ચમાં હોવાનું માનવામાં આવે છે.
- ફ્રાન્સના મહાન શાસક નેપોલિયન બોનાપાર્ટે 1804માં કેથેડ્રલમાં મસ્તક નમાવ્યા બાદ જ રાજગાદી સંભાળી હતી.
- 24 ઓગસ્ટ 1944ના રોજ બીજા વિશ્વયુદ્ધમાં જર્મન શાસનમાંથી મુક્તિ મળી તે દિવસે આ ચર્ચમાં જોરદાર ઘંટારવ કરીને પેરિસની આઝાદીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ કેથેડ્રલ ફ્રાન્સના કેથોલિક સમુદાયનું પ્રિય સ્થળ છે.
- દર વર્ષે આશરે 1.4 કરોડ જેટલા પ્રવાસીઓ આ ચર્ચની મુલાકાતે આવે છે.

## ➢ માધવપુર (ઘેડ)નો મેળો



ગુજરાતમાં **પોરબંદર** જિલ્લાના **પોરબંદર** તાલુકાના **માધવપુર** ખાતે દર વર્ષે **ચૈત્ર સુદ નોમ** એટલે કે **રામનવમી**ના દિવસે લગ્નોત્સવને કેન્દ્રમાં રાખીને ભક્તિ–કીર્તનનો **પાંચ દિવસ**નો માધવપુરનો મેળો ભરાય છે. જે **ચૈત્ર સુદ તેરસ**ના દિવસે પૂર્ણ થાય છે.

- આ મેળાની શરૂઆત લગભગ **તેરમી સદી**ની આસપાસ થઈ હોવાનું કહેવાય છે.
- માધવપુર ઘેડમાં ભરાતા મેળાની કથા **ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજી**નાં લગ્ન પ્રસંગની સાથે જોડાયેલ છે.
- પુરાણ કથા મુજબ રાજકુમારી રૂક્ષ્મણીજીનું ગરવા ગિરનારની ગોદમાં મહાશિવરાત્રીના દિવસે ભરાતા ભવનાથના મેળામાંથી અપહરણ કરીને શ્રી કૃષ્ણ માધવપુર લઈ આવ્યા હતા.
- ત્યારબાદ અહીં માધવપુરમાં તેમના લગ્ન થયા હતા. ત્યાર પછીથી તેમની યાદમાં દર વર્ષે અહીં ભારતીય શાસ્ત્રોક્ત વિધિથી લગ્નની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણી પાંચ દિવસ ચાલે છે. આ મેળાનું આયોજન અને બધી વ્યવસ્થા માધવપુરમાં આવેલા પ્રસિદ્ધ **શ્રી માંડવરાયજી મંદિર** તરફથી કરવામાં આવે છે.
- આ પ્રસંગે ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રી ગોપાલ લાલજી (ભગવાન શ્રી કૃષ્ણનું) ફુલેકું નીકળે છે.
- આ ફુલેકાની ઉજવણી ત્રણ દિવસ ચાલે છે. એટલે કે આ ફુલેકુ ત્રણ દિવસ નીકળે છે.
- ત્યારબાદ જાન આગમન–સ્વાગત–લગ્નવિધિ અને કન્યાવિદાયના પ્રસંગ યોજાય છે.
- અહીં ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીનાં લગ્ન જ્યાં થયા હતા તે જગ્યા **રૂક્ષ્મણીમઠ** તરીકે ઓળખાય છે.

**નોંધ:**
(1) આ અગાઉ વર્ષ 2018માં માધવપુરના મેળાને રૂક્ષ્મણીજીની ભગવાન શ્રી કૃષ્ણ સાથેની **અરુણાચલ પ્રદેશથી ગુજરાત** સુધીની ચિરંતન યાત્રાના ઉત્સવ તરીકે ઉજવવામાં આવ્યો હતો.
(2) માર્ચ 2018માં યોજાયેલા આ મેળામાં રૂક્ષ્મણીજીના પરિવારના પ્રતિનિધિ તરીકે પૂર્વોત્તરના અરુણાચલપ્રદેશ, મણિપુર વગેરે રાજ્યના 150થી વધુ લોકો ઉપસ્થિત રહયા હતા.
(3) રૂક્ષ્મણીજી **અરુણાચલ પ્રદેશ**ના **ભીષ્મકનગર**ના રાજા **ભીષ્મક**ના પુત્રી હોવાનું કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ પ્રથમ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપના ગુડવિલ એમ્બેસેડર તરીકે સુશ્રી મિતાલી રાજની પસંદગી



તાજેતરમાં વર્ષ **2019**માં યોજાનાર ICC ક્રિકેટ વર્લ્ડ કપ અગાઉ **પ્રથમ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપ** (ગલીના બાળકો માટેના ક્રિકેટ વર્લ્ડ કપ)નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ ક્રિકેટ વર્લ્ડ કપનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં ગલીમાં રહેતા બાળકો પર થતા નકારાત્મક વ્યવહાર અંગે જાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 2019માં યોજાનાર આ પ્રથમ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપના **ગુડવિલ એમ્બેસેડર** તરીકે ભારતના મહિલા ક્રિકેટર **સુશ્રી મિતાલી રાજ**ની પસંદગી કરવામાં આવી છે.
- **સુશ્રી મિતાલી રાજ** ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન **શ્રી સૌરવ ગાંગુલી** સાથે આ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતીય ટીમનું સમર્થન કરશે.

## સુશ્રી મિતાલી રાજ

સુશ્રી મિતાલી રાજનો જન્મ 3 ડિસેમ્બર, 1982ના રોજ **રાજસ્થાન**ના **જોધપુર**માં થયો હતો.

- સુશ્રી મિતાલી રાજ મહિલા વન ડે ક્રિકેટમાં **6000 રન** કરનાર **વિશ્વના પ્રથમ મહિલા ક્રિકેટર** છે.
- આંતરરાષ્ટ્રીય મહિલા વન ડે ક્રિકેટમાં **સૌથી વધુ રન** બનાવવાનો રેકોર્ડ પણ તેમના જ નામે છે.
- આ ઉપરાંત મહિલા વન ડે ક્રિકેટમાં **સૌથી વધુ અડધી સદી** બનાવવાનો રેકોર્ડ તેમજ વન ડે ક્રિકેટમાં **સતત 7 અડધી** સદી ફટકારવાનો રેકોર્ડ પણ સુશ્રી મિતાલી રાજના નામે જ છે.
- સુશ્રી મિતાલી રાજને વર્ષ **2003**માં **અર્જુન એવોર્ડ**, **2015**માં **પદ્મ શ્રી પુરસ્કાર** અને **2017**માં **યૂથ સ્પોર્ટ્સ આઈકોન ઓફ એક્સલેન્સ એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવ્યા છે.

## ICE Questions

1. તાજેતરમાં યુરોપના કયા શહેરમાં આવેલા એક પ્રસિદ્ધ ચર્ચમાં લાગેલી આગને કારણે ચર્ચની છતને ભારે નુકશાન થયું હતું ?

   (A) લંડન (B) ન્યુયોર્ક (C) પેરિસ (D) રોમ — **(C)**

2. તાજેતરમાં ફ્રાન્સ તથા યુરોપિયન સંસ્કૃતિના પ્રતીક સમાન કયા ચર્ચમાં લાગેલી આગને કારણે ચર્ચની છતને ભારે નુકશાન થયું હતું ?

   (A) દોઉમો દિ મિલાનો (B) વેસ્ટમિન્સ્ટર અબે (C) ચાર્ટ્રસ કેથેડ્રલ (D) નોસ્ત્રાદેમસ કેથેડ્રલ — **(D)**

3. ગુજરાતમાં દર વર્ષે કયા સમય દરમિયાન માધવપુર ઘેડ ખાતે પ્રસિદ્ધ મેળો ભરાય છે ?

   (A) ચૈત્ર વદ નોમથી ચૈત્ર વદ તેરસ (B) ચૈત્ર વદ પાંચમથી ચૈત્ર વદ અગિયારસ
   (C) ચૈત્ર સુદ પાંચમથી ચૈત્ર સુદ અગિયારસ (D) ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ — **(D)**

4. ગુજરાતમાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીનાં લગ્નપ્રસંગની ઉજવણીનો ભવ્ય મેળો કઈ જગ્યાએ યોજાય છે ?

   (A) ડાકોર (B) દ્વારકા
   (C) મહેમદાવાદ (D) માધવપુર (અથવા માધવપુર ઘેડ) — **(D)**

5. ગુજરાતમાં ચૈત્રમાસમાં જયાં લગ્ન પ્રસંગ અંગે પ્રસિદ્ધ મેળો ભરાય છે તે માધવપુર (ઘેડ) ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

   (A) પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકામાં (B) પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકામાં
   (C) ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકામાં (D) પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

6. ગુજરાતમાં માધવપુર ખાતે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીનાં લગ્નોત્સવ અને મેળાની શરૂઆત કયારથી થઈ હોવાનું કહેવાય છે ?
(A) દસમી સદીથી (B) અગિયારમી સદીથી (C) બારમી સદીથી (D) તેરમી સદીથી **(D)**

7. વર્ષ 2019માં યોજાનાર પ્રથમ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપના ગુડવિલ એમ્બેસેડર તરીકે ભારતના કયા મહિલા ક્રિકેટરની પસંદગી કરવામાં આવી છે ?
(A) સુશ્રી સ્મૃતિ માંધાના (B) સુશ્રી મિતાલી રાજ
(C) સુશ્રી હરમનપ્રીત કોર (D) સુશ્રી ઝુલન ગોસ્વામી **(B)**

## 20 APRIL, 2019 SATURDAY

### ➤ World Press Freedom Index, 2019

તાજેતરમાં Reporters Without Borders દ્વારા World Press Freedom Index, 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર પ્રેસની સ્વતંત્રતાની બાબતમાં વિશ્વના 180 દેશોમાં ભારતનો ક્રમ 140મો છે.
- આ અગાઉ વર્ષ 2018માં આ રિપોર્ટમાં ભારતનો ક્રમ 138 હતો.
- વર્ષ 2019ના આ રિપોર્ટમાં નોર્વે પ્રથમ ક્રમે છે.
- જ્યારે નોર્વે બાદ ફિનલેન્ડ બીજા અને સ્વીડન ત્રીજા ક્રમે છે.
- આ રિપોર્ટમાં ચીન 177મા અને ઉત્તર કોરિયા 179મા ક્રમે છે.
- તુર્કમેનિસ્તાન અંતિમ 180મા ક્રમે છે.

**World Press Freedom Index 2019 Rank**

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | નોર્વે | 138 | મ્યાનમાર |
| 2 | ફિનલેન્ડ | 140 | ભારત |
| 3 | સ્વીડન | 142 | પાકિસ્તાન |
| 48 | અમેરિકા | 149 | રશિયા |
| 80 | ભૂટાન | 150 | બાંગ્લાદેશ |
| 106 | નેપાળ | 177 | ચીન |
| 121 | અફઘાનિસ્તાન | 179 | ઉત્તર કોરિયા |
| 126 | શ્રીલંકા | 180 | તુર્કમેનિસ્તાન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ જૈન ધર્મને ભારતના સીમાડાની બહાર વિદેશોમાં લઈ જનાર ગુરુદેવ શ્રી ચિત્રભાનુજીની વિદાય



જૈન ધર્મનો ભારત દેશની બહાર વ્યાપક પ્રચાર કરનાર ગુરુદેવ શ્રી ચિત્રભાનુજીનું 97 વર્ષની વયે મુંબઈ ખાતે નિધન થયું છે.

- તેમનો જન્મ 26 જુલાઈ, 1922ના રોજ રાજસ્થાનના પાલી જિલ્લાના તખ્તગઢમાં થયો હતો.
- તેમનું બાળપણનું નામ શ્રી રુપ-રાજેન્દ્ર શાહ હતું.

- તેમણે અમેરિકા, આફ્રિકા, બ્રિટન, સિંગાપોર સહિત વિશ્વના અનેક દેશોમાં 70થી વધુ દેરાસરોની પ્રતિષ્ઠા કરાવી હતી.
- તેમના માર્ગદર્શન હેઠળ અમેરિકામાં 'JAINA' નામની સંસ્થાની સ્થાપના થઈ હતી.
- આ ઉપરાંત તેમણે મુંબઈમાં 'શાકાહારી સોસાયટી'ની સ્થાપના કરી હતી.
- શ્રી ચિત્રભાનુજી એક સારા ચિત્રકાર અને વકતા ઉપરાંત લેખક પણ હતા.
- પ્રાર્થના તરીકે ગવાતી તેમની ગુજરાતી રચના 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે...' ખૂબ જ પ્રસિદ્ધ થઈ છે.

## ➤ નેપાળ અને શ્રીલંકાના પ્રથમ ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ



17 એપ્રિલ, 2019ના રોજ નેપાળનો પ્રથમ ઉપગ્રહ 'નેપાળી સેટ-1' (Nepali Sat-1) તથા શ્રીલંકાનો પ્રથમ ઉપગ્રહ 'રાવણ-1' (Raavana-1) સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે.

- અમેરિકાની અવકાશ સંસ્થા નાસા દ્વારા અમેરિકાના વર્જિનિયા ખાતે આવેલા રોકેટ લોન્ચિંગ સેન્ટર ખાતેથી Antares 230 નામના રોકેટ દ્વારા આ બંને ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા.
- આ બંને ઉપગ્રહોનું નિર્માણ 'Project BIRDS' અંતર્ગત જાપાનની ક્યુશુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં થયું છે.

ICE INSTITUTE FOR COMPETITI ®

### Nepali Sat-1

'નેપાળી સેટ-1' એ નેપાળનો પ્રથમ ઉપગ્રહ છે.

- શ્રી આભાસ માસ્કે અને શ્રી હરિરામ શ્રેષ્ઠ નામના નેપાળના વૈજ્ઞાનિકો દ્વારા જાપાનની 'ક્યુશુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી'માં આ ઉપગ્રહનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- 1.3 કિલોગ્રામ વજનનો આ ઉપગ્રહ રૂપિયા 2 કરોડના ખર્ચે તૈયાર થયો છે.
- 'નેપાળી સેટ-1' એ નેપાળનો 'Research Satellite' છે.
- આ સેટેલાઈટની મદદથી નેપાળ વિશેની વિસ્તૃત ભૌગોલિક માહિતી એકત્ર કરવામાં આવશે.
- આ સેટેલાઈટ Bird NPL તરીકે પણ ઓળખાય છે.

### Raavana-1

'રાવણ-1' એ શ્રીલંકાનો પ્રથમ ઉપગ્રહ છે.

- 1.05 કિલોગ્રામ વજનના આ ઉપગ્રહનો કાર્યકાળ દોઢ વર્ષનો છે.
- આ ઉપગ્રહ શ્રીલંકા તથા તેના પાડોશી દેશોના ચિત્રો લેવા માટે લોન્ચ કરવામાં આવ્યો છે.

## ICE ? Questions

1. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષ' 2019માં કુલ 180 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 136મા (B) 138મા (C) 140મા (D) 142મા **(C)**

2. આ અગાઉ વર્ષ 2018ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષમાં ભારત કયા ક્રમે હતું ?
(A) 136મા (B) 138મા (C) 140મા (D) 142મા **(B)**

3. વર્ષ 2019ના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) સ્વીડન (D) નેધરલેન્ડ **(A)**

4. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષ 2019માં અંતિમ 180મા ક્રમે કયો દેશ છે ?
(A) ઉત્તર કોરિયા (B) ચીન (C) કોંગો (D) તુર્કમેનિસ્તાન **(D)**

5. 'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું' નામની પ્રસિદ્ધ ગુજરાતી રચનાના સર્જકનું નામ શું છે ?
(A) શ્રી ઉમાશંકર જોશી (B) શ્રી સ્વામી રામદાસ (C) શ્રી સુન્દરમ્ (D) શ્રી ચિત્રભાનુજી **(D)**

6. તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા નેપાળના પ્રથમ ઉપગ્રહનું નામ શું છે ?
(A) નેપાળ-1 (B) નેપાળી-1 (C) નેપાળી સેટ-1 (D) નેપ સેટ-1 **(C)**

7. તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા શ્રીલંકાના પ્રથમ ઉપગ્રહનું નામ શું છે ?
(A) રાવણ સેટ-1 (B) શ્રીલંકા-1 (C) શ્રીલંકા સેટ-1 (D) રાવણ-1 **(D)**

8. તાજેતરમાં નેપાળ અને શ્રીલંકાના પ્રથમ ઉપગ્રહ કયાંથી લોન્ચ કરવામાં આવ્યા છે ?
(A) જ્યોર્જિયા (B) કેલિફોર્નિયા (C) વર્જિનિયા (D) ફિલાડેલ્ફિયા **(C)**

9. તાજેતરમાં નેપાળ અને શ્રીલંકાના પ્રથમ ઉપગ્રહ 'નેપાળી સેટ-1' અને 'રાવણ-1' કયા રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યા છે ?
(A) Antares 230 (B) Arian 230 (C) Verona 230 (D) Seron 230 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ દક્ષિણ સુદાનમાં તહેનાત ભારતીય સૈનિકોને સંયુક્ત રાષ્ટ્રનું શાંતિરક્ષક મેડલ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં દક્ષિણ સુદાનમાં શાંતિ માટે તહેનાત 150 ભારતીય સૈનિકોને શાંતિ રક્ષક મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. આ સૈનિકો સ્વાસ્થ્ય સેવાઓ સાથે જોડાયેલા હતા.

### ➤ સુશ્રી ગગનદીપ કોંગ રોયલ સોસાયટી ફેલો માટે પસંદગી પામેલા ભારતના પ્રથમ મહિલા વૈજ્ઞાનિક બન્યા

બ્રિટનની રોયલ સોસાયટી ઓફ લંડન દ્વારા ગણિત, એન્જિનિયરિંગ અને ચિકિત્સા ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન માટે એનાયત થતી 'ફેલોશિપ ઓફ દ રોયલ સોસાયટી' માટે તાજેતરમાં ભારતના મહિલા વૈજ્ઞાનિક સુશ્રી ગગનદીપ કોંગની પસંદગી કરવામાં આવી છે. આ સાથે જ સુશ્રી ગગનદીપ કોંગ આ ફેલોશિપ મેળવનાર ભારતના પ્રથમ મહિલા વૈજ્ઞાનિક બની ગયા છે.

### ➤ GSLVના ચોથા ચરણને કેબિનેટની મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા તાજેતરમાં GSLV એટલે કે Geosynchronous Satellite Launch Vehicle પ્રોગ્રામના ચોથા ચરણને મંજૂરી આપવામાં આવી છે. GSLVના આ ચોથા ચરણમાં 2021થી 2024 દરમિયાન રૂ. 2729.13 કરોડના ખર્ચે પાંચ રોકેટ ઉડાનનો સમાવેશ થાય છે. આ ચરણમાં ભારતના પ્રથમ સમાનવ અવકાશ મિશન તથા હવે પછીના મંગળ મિશનનો સમાવેશ થાય છે. GSLV કાર્યક્રમ ચાલુ રાખવા માટે સૌપ્રથમ 2003માં મંજૂરી આપવામાં આવી હતી. અત્યાર સુધી તેના બે ચરણ પૂરા થઈ ગયા છે. અને તેનું વર્તમાન ત્રીજું ચરણ 2020-21માં પૂરું થશે.

### ➤ સરસ્વતી સમ્માન 2018

તાજેતરમાં તેલુગુ કવિ શ્રી કે. શિવા રેડ્ડીને વર્ષ 2018નો પ્રતિષ્ઠિત સરસ્વતી સમ્માન એનાયત થયો છે. તેમના કાવ્યસંગ્રહ 'પક્કાકી ઓત્તિગિલિટે' માટે શ્રી કે. શિવા રેડ્ડીને આ પુરસ્કાર એનાયત થયો છે. આ અગાઉ વર્ષ 2017નો આ એવોર્ડ 'વખાર' કાવ્યસંગ્રહ માટે ગુજરાતી કવિ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રને એનાયત થયો હતો.

## ➤ લક્ષ્મી વિલાસ બેન્ક અને ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાયનાન્સના વિલયની મંજૂરી

લક્ષ્મી વિલાસ બેન્ક અને ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાયનાન્સના વિલયને RBI દ્વારા તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે. વિલયની આ યોજના અંતર્ગત નવી રચાનારી બેન્ક 'ઈન્ડિયાબુલ્સ લક્ષ્મી વિલાસ બેન્ક' તરીકે ઓળખાશે. જેનો સમાવેશ ભારતની સૌથી મોટી 8 ખાનગી (પ્રાઈવેટ) બેન્કોમાં થશે.

## ➤ દહેજ અંગેની હેરાનગતિથી પીડિત મહિલાઓ કોઈપણ જગ્યાએથી FIR દાખલ કરી શકશે

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર હવેથી ભારતમાં જો કોઈ મહિલાને દહેજ અંગેની ક્રૂરતાને લીધે ઘરની બહાર કાઢી મૂકવામાં આવી હોય તો તે મહિલા પોતાના સસુરાલની જગ્યાએ પોતાના પિયરમાંથી કે પછી તેણે જયાં આશ્રય લીધો હોય તે સ્થળેથી પણ FIR નોંધાવી શકશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઇ, જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ અને જસ્ટિસ સંજય કિશન કૌલની બેન્ચે આ આદેશ આપ્યો હતો.

# વિશ્વ

## ➤ વર્ષ 2020માં G-20 સમિટનું આયોજન સાઉદી અરેબિયામાં થશે

સાઉદી અરેબિયા દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર નવેમ્બર, 2020માં G-20 સમિટનું આયોજન સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ ખાતે કરવામાં આવશે. જે આરબ જગતમાં આયોજિત પ્રથમ G-20 શિખર સમ્મેલન હશે. 28-29 જૂન 2019 દરમિયાન આ સમિટ જાપાનના ઓશાકામાં તથા 2021માં ઈટાલીમાં તેમજ 2022માં ભારતમાં નવી દિલ્હી ખાતે આ સમિટનું આયોજન થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ યુનેસ્કો/ગુઈલેર્મો કાનો પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર 2019

તાજેતરમાં રાયટર્સ (Reuters)ના બે રિપોર્ટરો શ્રી વા લોન તથા શ્રી ક્યાવ સો ઉને વર્ષ 2019નો યુનેસ્કો/ગુઈલેર્મો કાનો પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર એનાયત થયો છે. ખતરનાક પરિસ્થિતિમાં પ્રેસની સ્વતંત્રતા માટે કાર્ય કરનાર સાહસી પત્રકારોને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આ બંને પત્રકારોએ મ્યાનમારમાં રોહિંગ્યા મુસ્લિમો પર થયેલ અત્યાચારનું રિપોર્ટિંગ કર્યું હતું અને આ માટે તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. શ્રી વા લોન તથા શ્રી ક્યાવ સો ઉને આ ઉપરાંત 'ઈન્ટરનેશનલ રિપોર્ટિંગની કેટેગરીમાં વર્ષ 2019નો પુલિત્ઝર પુરસ્કાર પણ એનાયત થયો છે.

## ➤ શ્રી મોહમ્મદ ઈશ્તાયે પેલેસ્ટાઈનના નવા વડાપ્રધાન બન્યા

પેલેસ્ટાઈનના નવા વડાપ્રધાન તરીકે તાજેતરમાં શ્રી મોહમ્મદ ઈશ્તાયે શપથ ગ્રહણ કર્યા છે. શ્રી મોહમ્મદ ઈશ્તાયે ઉપરાંત 24 મંત્રીઓને પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ શ્રી મહમૂદ અબ્બાસે આ શપથ અપાવ્યા હતા.

## ➤ સિંગાપોરના ચાંગી એરપોર્ટમાં વિશ્વના સૌથી મોટા ઈનડોર વોટરફોલનો પ્રારંભ

સિંગાપોરના ચાંગી એરપોર્ટમાં વિશ્વના સૌથી મોટા ઈનડોર વોટરફોલનો પ્રારંભ થયો છે. આ વોટરફોલની ઉંચાઈ આશરે 120 ફૂટ જેટલી છે. આ ઉપરાંત આ એરપોર્ટની છત પર સ્વિમિંગપુલ પણ બનાવવામાં આવ્યો છે.

## ➢ અમેરિકા દ્વારા ઈરાનની સેના 'રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ'ને આતંકી સંગઠન જાહેર કરવામાં આવી

તાજેતરમાં **અમેરિકા** દ્વારા **'રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ'** નામની **ઈરાનની સેના**ને આતંકી સંગઠન જાહેર કરવામાં આવી છે. અમેરિકા દ્વારા કોઈ રાષ્ટ્રની સેનાની આતંકવાદી સંગઠન તરીકે ઘોષણા કરવામાં આવી હોય એવો આ પ્રથમ બનાવ છે.

## ICE ? Questions

- તાજેતરમાં કયા દેશમાં તહેનાત ભારતીય સૈનિકોને સંયુક્ત રાષ્ટ્રનું શાંતિરક્ષક મેડલ એનાયત થયું છે ? – દક્ષિણ સુદાન
- તાજેતરમાં વર્ષ 2019માં ફેલોશિપ ઓફ દ રોયલ સોસાયટી માટે પસંદગી પામેલ પ્રથમ ભારતીય મહિલા વૈજ્ઞાનિકનું નામ શું છે ? – સુશ્રી ગગનદીપ કોંગ
- તાજેતરમાં GSLVના કેટલામા ચરણને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે ? – ચોથા
- વર્ષ 2018નો સરસ્વતી સમ્માન કોને એનાયત થયો છે ? – શ્રી કે. શિવા રેડ્ડી
- તાજેતરમાં RBI દ્વારા ભારતની કઈ બે ખાનગી બેન્કોના વિલયની મંજૂરી આપવામાં આવી છે ? – લક્ષ્મી વિલાસ બેન્ક અને ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાયનાન્સ
- તાજેતરમાં RBI દ્વારા લક્ષ્મી વિલાસ બેન્ક અને ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાયનાન્સના વિલયની મંજૂરી આપવામાં આવી છે. આ વિલય બાદ નવી રચાનારી બેન્ક કયા નામે ઓળખાશે ? – ઈન્ડિયાબુલ્સ લક્ષ્મી વિલાસ બેન્ક
- તાજેતરજમાં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર દહેજ અંગેની હેરાનગતિથી પીડિત મહિલાઓ ક્યાંથી FIR દાખલ કરી શકશે ? – તેણે જયાં આશ્રય લીધો હોય તેવા કોઈપણ સ્થળેથી
- વર્ષ 2020માં G-20 સમિટ કયાં યોજાશે ? – રિયાધ, સાઉદી અરેબિયા
- ભારતમાં નવી દિલ્હી ખાતે કયા વર્ષે G-20 સમિટનું આયોજન કરવામાં આવશે ? – 2022
- તાજેતરમાં વર્ષ 2019ના યુનેસ્કો/ગુઈલેર્મો કાનો પ્રેસ સ્વતંત્રતા પુરસ્કાર વિજેતા પત્રકારોનું નામ શું છે ? – શ્રી વા લોન અને શ્રી ક્યાવ સો ઉ
- તાજેતરમાં પેલેસ્ટાઈનના નવા વડાપ્રધાન તરીકે કોણે શપથ ગ્રહણ કર્યા છે ? – શ્રી મોહમ્મદ ઈશ્તાયે
- તાજેતરમાં કયા એરપોર્ટ પર વિશ્વના સૌથી મોટા ઈનડોર વોટરફોલનો પ્રારંભ થયો છે ? – ચાંગી એરપોર્ટ, સિંગાપોર
- તાજેતરમાં અમેરિકા દ્વારા કયા દેશની સેનાને આતંકી સંગઠન તરીકે જાહેર કરવામાં આવી હતી ? – ઈરાન
- તાજેતરમાં અમેરિકા દ્વારા ઈરાનની કઈ સેનાને આતંકી સંગઠન ઘોષિત કરવામાં આવી હતી ? – રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


icerajkot LIKE - COMMENT - SHARE

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot




આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.